Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# સિન્ડિકેટની સામાન્ય સભા
## : નોટિસ :

સિન્ડિકેટની સામાન્ય સભા રવિવાર, તા.૦૫–૧૨–૨૦૨૧ના રોજ સવારેઃ૦૯–૩૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં.૨૦૫માં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. સિન્ડિકેટની તા.૦૨–૧૧–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

**(નોંધઃ** પ્રસ્તુત કાર્યવાહી તા.૦૨–૧૧–૨૦૨૧, ક્રમાંકઃ એસ/મીટીંગ/૧૭૨૭૫/૨૦૨૧થી મોકલવામાં આવેલ છે.**)**

૨. યુનિવર્સિટીમાં કાર્યરત કાયમી કર્મચારીઓને મળતા પરીક્ષા ભથ્થાં આપવા બાબતે નાણાં સમિતિની તા.૧૬-૧૦-૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૭ મુજબ નિમાયેલ સમિતિએ તા.૦૧-૧૧-૨૦૨૧નાં રોજ રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૦૧)

(હિસાબી)

૩. આંકડાશાસ્ત્ર વિભાગમાં લેબ ૨ માં ૩ ટનના ૪ AC મૂકવાની જરૂર છે. તા.૦૮/૦૭/૨૦૨૧ના રોજ મળેલ નાણાં સમિતિની સભામાં રજુ કરવામાં આવેલ બાબત ક્રમાંક:૦૭ થી મંજુર થયેલ છે. Gem દ્રારા તેમનું બીડ Start Date 27/08/2021 થી End Date:14/09/2021 મુકવામાં આવ્યું હતું. જેમાં એક પણ કવોટેશન મળેલ નથી એટલે કે Gem પર ૩ ટનના AC ઉપલબ્ધ નથી. તેથી આ ખરીદી Gem સિવાય બહારથી કરવાની મંજુરી આપશોજી. ૩ ટનના ૪ ACની મંજુર થયેલ અંદાજીત કિમત રૂ.૩,૭૦,૦૦૦/-(ફીટીંગ ખર્ચ સાથે) થશે. એમ.એસ.સી. (એપ્લાઈડ સ્ટેટેસ્ટીક્સ)ના બજેડ હેડ નં:૧૦ "ફર્નિચર સાધન સામગ્રી" માંથી ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત વિચારણા કરવા અંગે..

(બિડાણ : ૦૨)
(હિસાબી)

૪. નારણલાલા લો કોલેજ–નવસારીના ઈ.ચા. આચાર્યશ્રીનો તા.૧–૧૧–૨૦૨૧ના પત્રમાં, કોવિડ–૧૯ ના કારણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે ફી ઘટાડા / માફી આપવા કરેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

નોંધ :–

(૧) સિન્ડિકેટ તા.૨૯–૬–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૨ અન્વયે, કાનૂન વિદ્યાશાખા હેઠળની સ્વનિર્ભર લો કોલેજોની સત્ર દીઠ ટયૂશન ફી રૂા.૨૦,૦૦૦/– શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી નિયત કરાયેલ છે. પરંતુ કોલેજ યુનિવર્સિટી દ્વારા નકકી કરેલ તેના કરતાં ઓછી વાર્ષિક ટયૂશન ફી વિદ્યાર્થીઓ પાસે નીચે મુજબની લેવામાં આવે છે. જે ૧૫% કરતાં પણ વધુની ફીમાં રાહત આપવામાં આવે છે.

| શૈક્ષણિક વર્ષ | વાર્ષિક ટયૂશન ફી રૂા. |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૨૫,૦૦૦/– |
| ૨૦૧૭–૧૮ | ૨૫,૦૦૦/– |
| ૨૦૧૮–૧૯ | ૩૫,૦૦૦/– |
| ૨૦૧૯–૨૦ | ૩૫,૦૦૦/– |
| ૨૦૨૦–૨૧ | ૩૫,૦૦૦/– |

(૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજો/અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની વિદ્યાર્થી દીઠ એફીલીયેશન ફી માં ૧૦૦ % ની માફી આપવા સિન્ડિકેટ તા.૨૩–૧૨–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે ઠરાવેલ હતું.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન સ્વનિર્ભર અભ્યાસક્રમોની ટયુશન ફી તથા અન્ય ફી માં ઘટાડા અંગે (જે અભ્યાસક્રમની ફી રાજય સરકારશ્રીની **FRC** નકકી કરે તેના સિવાય) સિન્ડિકેટ તા.૨૨–૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬ અન્વયે ફી રાહતના સંદર્ભમાં સિન્ડિકેટના ઠરાવનો ચુસ્તપણે અમલ કરવા તથા યુનિવર્સિટીના આદેશોનું પાલન ન કરનાર સંસ્થાઓ સામે પગલા લેવાનું ઠરાવેલ હતું. જેનાં સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલય તા.૪–૬–૨૦૨૧ના પરિપત્રાંકઃ એસ–એ.(ફી ઘટાડા)/(૨૧)/૭૩૬૫ થી ફી માં રાહત આપેલ હોય તેવું સોંગધનામું (બાંહેધરી પત્રક) રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર સંલગ્ન તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજો પાસેથી મોકલી આપવા જણાવેલ હતું. તેમ છતાં નારણલાલા લો કોલેજ–નવસારી દ્વારા ફી માં રાહત આપેલ હોય તેવું સોંગધનામું (બાંહેધરી પત્રક) યુનિવર્સિટીમાં જમા કરાવેલ નથી.

(૪) નારણલાલા લો કોલેજ–નવસારી દ્વારા યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની વિદ્યાર્થી દીઠ એફીલીયેશન ફી પેટે રૂા.૮૭,૧૨૦/– (રસીદ નંબર ૩૧૯૪૭ તા.૩૦–૧–૨૦૨૧) જમા કરાવેલ છે.

(બિડાણ : ૦૩)

(સિન્ડિકેટ)

૫. શ્રીમદ્‌રાજચંદ્ર વિદ્યાપીઠ ધરમપુર તેમજ નવયુગ સાયન્સ કોલેજ સુરતના એમ.એસસી. સેમેસ્ટર–૩ના રેગ્યુલર વિદ્યાર્થીના આવેદનપત્ર ભરવાના રહી ગયા છે. કોલેજ જણાવે છે કે દિવાળી વેકેશન હોવાને કારણે ફોર્મ ભરવાના રહી ગયેલ છે. તા.૧૨/૧૧/૨૦૨૧ની કાર્યાલય નોંધમાં મા.કુલપતિશ્રીની સુચના અનુસાર સદર કોલેજના આવેદનપત્રો વધારાની પ્રોસેસ ફી બાકી રાખી સ્વીકારવા અને સદર બાબતને સિન્ડિકેટના યોગ્ય વિચારણા અર્થે રજુ કરવી.

સદર બાબતને સિન્ડિકેટના યોગ્ય વિચારણા અર્થે.

(પરીક્ષા (સાયન્સ ફેકલ્ટી))

૬. યુનિવર્સિટીના વિવિધ કાનૂની કેસો માટે વકીલ રોકવા અંગે વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે Exhibition Ground બનાવવા માટે યુનિવર્સિટીના રહેણાંક કેમ્પસમાં આવેલ સમરસ ગર્લ્સ હોસ્ટેલની બાજુમાં પશ્ચિમ દિશા તરફના પ્લોટને ડેવલપ કરવા અને તેને યુનિવર્સિટીના ઉપયોગ માટે અને બહારની જાહેર જનતાને ભાડું વસુલીને ઉપયોગમાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતેના દક્ષિણ દિશા તરફ એટલે કે લો ડિપાર્ટમેન્ટ, જર્નાલીઝમ અને માસ કોમ્યુનીકેશન વિભાગની પાછળના ભાગ અને પરીક્ષા વિભાગ અને મૂલ્યાંકન ભવનની સામેના ભાગમાં આવેલ સામાજીક વનીકરણવાળો ભાગ અને તેની આજુબાજુની ખુલ્લીને ઓપન આર્ટ ગેલેરી તરીકે વિકસાવવા અને તેનો ઉપયોગ ફાઈન આર્ટસ, ઈન્ટીરીયર ડિઝાઈન અથવા કેમ્પસના કોઈપણ ડિપાર્ટમેન્ટને વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં આપવા તથા કલાકૃતિઓના પ્રદર્શન માટે મૂકવા જરૂર જણાય તો સ્ટોલ ઉભા કરી ભાડેથી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16 (1) Class II - Ordinary Members (A)(iv) by public associations or bodies as under (b) one member by the Presidents of the Municipalities functioning within the University Area, from amongst themselves ની જોગવાઈ અન્વયે સેનેટ–૨૦૧૭ના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓના મતદાર વિભાગની ખાલી પડેલ એક(૧) બેઠક પર પ્રાણલાલ કેસરાભાઈ પટેલ સેનેટ સભ્ય બનતા, એકટ 23 (1)માં દર્શાવ્યા મુજબની વિદ્યાશાખા એનાયત કરવાની હોય, જે સંદર્ભમાં તેમના દ્વારા વાણિજય વિદ્યાશાખા એનાયત કરવા સંમતિ આપેલ છે. જે સંદર્ભે તેમને યુનિવર્સિટી એકટની કલમ 23 (2)(i) અન્વયે વિદ્યાશાખા એનાયત કરવા વિચારણા કરવા બાબત.
નોંધ : વિદ્યાશાખા પસંદગીનું ફોર્મની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(બિડાણ:૦૪)
(સિન્ડિકેટ)

૧૦. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રીના તા.૦૩/૧૧/૨૦૨૧ના પત્રક્રમાંક : PRC/1021/UNI-01/KH-2 થી યુનિવર્સિટીઓ દ્વારા અનુસરવાની થતી સુચનાઓ બાબતના પત્રની નોંધ લેવા બાબત.

(બિડાણ: ૦૫)
(સિન્ડિકેટ)

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>**

૧૧. યુનિવર્સિટીના વિવિધ કાનૂની કેસો અંગે વકીલશ્રીની નિમણૂંક કરવા અંગે મા.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(બિડાણ : ૦૬)
(લીગલ સેલ)

૧૨. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ/મીટીંગ/૧૮૦૫૨/૨૦૨૧
તા.૨૨–૧૧–૨૦૨૧

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**